૯

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટેના સમર્પિત આયોગની બેઠક વ્યવસ્થા, માન. અધ્યક્ષશ્રીને વાહન ફાળવણી તેમજ મહેકમ ફાળવવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૨૨/૧૨૦૧/અ

સચિવાલય,ગાંધીનગર.

તા.૧૫/૦૭/૨૦૨૨

<u>સંદર્ભઃ-</u>

(૧) આ વિભાગનો તા.૮/૭/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૨૨/GOI-2/અ

(૨) આ વિભાગનો તા.૧૨/૭/૨૦૨૨નો સુધારા ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૨૨/GOI-2/અ

(૩) આ વિભાગનો તા.૧૧/૭/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૨૨/GOI-2/અ

(૪) આ વિભાગનો તા.૧૨/૦૭/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૨૨/GOI-2/અ

(૫) આ વિભાગના તા.૧૭/૧૨/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૭/૬૭૪૪૬૦/અ

<u>આમુખ:</u>

વંચાણમાં લીધેલ ક્રમાંક (૧) અને (૨)માં દર્શાવેલ ઠરાવથી નામ. હાઈકોર્ટના નિવૃત મુખ્ય ન્યાયધીશશ્રી કે.એસ.ઝવેરીના અધ્યક્ષસ્થાને "સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગ"ની રચના કરવામાં આવેલ છે. વંચાણમાં લીધેલ ક્રમાંક (૩)માં દર્શાવેલ ઠરાવથી "સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગ"ના સભ્યશ્રીઓની નિમણૂક કરવામાં આવેલ છે તથા વંચાણમાં લીધેલ ક્રમાંક (૪)માં દર્શાવેલ ઠરાવથી "સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગ"ના ટર્મ્સ ઓફ રેફરન્સ નક્કી કરવામાં આવેલ છે.

નવરચિત આયોગના માન. અધ્યક્ષશ્રી અને સભ્યોની બેઠક વ્યવસ્થા, માન. અધ્યક્ષશ્રી માટે વાહન વ્યવસ્થા તથા આયોગના સ્ટાફ અંગે જરૂરી વ્યવસ્થા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

આ બાબતે કાળજીપૂર્વકની વિચારણાના અંતે સરકારશ્રી નીચે મુજબ ઠરાવે છે.

<u>ઠરાવ :-</u>

<u>બેઠક વ્યવસ્થા:</u>

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે નવરચિત આયોગને સમયમર્યાદામાં કામગીરી કરવાની હોવાથી, હાલ કામચલાઉ વ્યવસ્થાના ભાગરૂપે અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નંબર ૧૩ અને ૧૩/અ, 'ખ' ટાઈપ, સેક્ટર-૧૯, ગાંધીનગર ખાતે બેઠક વ્યવસ્થા ફાળવવામાં આવે છે. વધુમાં, અન્ય પછાત વર્ગો માટેના પંચના કોમ્પ્યુટર, પ્રિન્ટર સહિતની તમામ મશીનરીનો ઉપયોગ આ સમર્પિત આયોગ કરી શકશે.

<u>વાહન વ્યવસ્થા:</u>

હાલમાં અન્ય પછાત વર્ગો માટેના પંચના માન. અધ્યક્ષશ્રીની જગ્યા ખાલી હોવાથી, આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક:(૫)ના તા.૧૭/૧૨/૨૦૧૮ના ઠરાવથી અન્ય પછાત વર્ગો માટેના પંચ, ગાંધીનગરના માન. અધ્યક્ષશ્રીને ફાળવવામાં આવેલ ઈનોવા ક્રિસ્ટા કાર નં. જીજે-૧૮-જીબી-૧૯૯૩ને નવરચિત સમર્પિત આયોગના માન. અધ્યક્ષશ્રીને ફાળવવામાં આવે છે.

<u>મહેકમ:</u>

અન્ય પછાત વર્ગો માટેના પંચના તમામ અધિકારી/કર્મચારી સહિતનો હયાત સ્ટાફ કામચલાઉ વ્યવસ્થાના ભાગરૂપે 'સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટેના સમર્પિત આયોગ'ના તાબા હેઠળ મુકવામાં આવે છે. તાબા હેઠળ મુકવામાં આવેલ અન્ય પછાત વર્ગો માટેના પંચના તમામ અધિકારી/કર્મચારીઓએ સમર્પિત આયોગની સૂચના અનુસાર કામગીરી કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. જે. ખરાડી)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી,
  અન્ય પછાત વર્ગો માટેનું પંચ,
  સેક્ટર-૧૯, ગાંધીનગર.
  -ઉક્ત ઠરાવ અનુસારની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા વિનંતી સહ.

<u>નકલ રવાના:</u>

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- રાજ્ય ચૂંટણી કમિશનરશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. રા.ક. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- શ્રી કે. એસ. ઝવેરી, માન. અધ્યક્ષશ્રી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગ
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, મહેસૂલવિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી,પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- સર્વે વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- શ્રી સભ્ય સચિવશ્રી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગ, ગાંધીનગર (આયોગના સભ્યશ્રીઓને જાણ કરવા તથા આ ઠરાવની અમલવારી કરવા વિનંતી સહ.)
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. /- સદરહુ ઠરાવને વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- સિલેક્ટ ફાઈલ